આકાશવાણી, અમદાવાદ

13-10-2026 Midday: 2.30 pm

Tuesday Regional News

## LOCAL BODIES ELECTION RESULT

ગુજરાતમાં ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની કેટલીક બેઠક પર યોજાયેલી સામાન્ય ચૂંટણી અને પેટાચૂંટણી માટે આજે મતગણતરી ચાલી રહી છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હાલમાં મળતા અહેવાલ મુજબ, ગાંધીનગર મહાનગરપાલિકાના 44 વૉર્ડમાંથી 38 વૉર્ડ પર ભાજપ, પાંચ વૉર્ડ પર કૉંગ્રેસ અને એક વૉર્ડ પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે.

જ્યારે બનાસકાંઠાની થરા નગરપાલિકામાં કુલ 24 બેઠકમાંથી ભાજપનો 19 અને કૉંગ્રેસન પાંચ બેઠક પર વિજય થયો છે. તો, દેવભૂમિદ્વારકાના ઓખા નગરપાલિકાની કુલ 36 બેઠકમાંથી 29 ભાજપ અને ત્રણ કૉંગ્રેસના ફાળે ગઈ છે. જ્યારે ચાર બેઠક બિનહરીફ થયાના અહેવાલ છે.

દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયતની ભાડથર બેઠકની પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરૂ કંડોરિયાનો વિજય થયો.

છોટાઉદેપુર નગરપાલિકાના વૉર્ડ નંબર-4ની પેટા ચૂંટણીનાં પરિણામો જાહેર કરાતાં ભાજપનાં ઉમેદવાર રંજની રાઠવાએ જીત હાંસલ કરી.

મહેસાણાની ખેરાલુ નગરપાલિકાની પેટાચૂંટણીમાં ભાજપના શુભમ પટેલને સૌથી એક હજાર પાંચ મત મળતા તેમને વિજેતા જાહેર કરાયા. ઉપરાંત રાજકોટની પડધરી તાલુકા પંચાયતની પડધરી બેઠકની પેટાચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવારનો વિજય થયો.

## DyCM CITIZEN CERTIFICATE ALLOCATION

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં અમદાવાદમાં આજે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત સમારોહ યોજાયો. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા આ સમારોહમાં નાગરિકતા સંશોધન કાયદો – CAA અંતર્ગત 126 અને કલેક્ટર કચેરી મારફતે નોંધાયેલા 32 મળી કુલ 158 શરણાર્થીઓને પ્રમાણપત્ર અપાયા. આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું, આજે આ તમામ પરિવારોમાં અત્યારથી જ દિવાળી જેવો ઉત્સવનો માહોલ સર્જાયો છે.

## HEALTH MINISTER ON FOOD

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું, નવરાત્રિ દરમિયાન રાજ્યના લોકોને શુદ્ધ આહાર મળે તે માટે ખાદ્ય સુરક્ષા વાહનો કાર્યરત્ રહેશે. મિઠાઈ, ફરસાણ, દૂધ અને ઘી જેવા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા કાર્યરત્ આ વાહનો સ્થળ પર જ ખાદ્ય સામગ્રીની ગુણવત્તા ચકાસશે. ઉપરાંત ભેળસેળયુક્ત કે ખરાબ ગુણવત્તાનો ખોરાક વેચતા વેપારીઓ સામે કડકમાં કડક કાનૂની પગલાં લેવાશે તેમ પણ શ્રી પાનશેરિયાએ જણાવ્યું.

## MINISTER RUSHIKESH PATEL AMBAJI

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓનું સ્થળ નિરીક્ષણ કર્યું. તેમણે અંબાજી શક્તિ કૉરિડોર, અંબાજી બાયપાસ રોડ અને અંબાજી-તારંગા રેલવે લાઈન પરિયોજનાની કામગીરીનું નિરીક્ષણ કરી પરિયોજનાની પ્રગતિ અને સંબંધિત કામગીરી અંગે માહિતી મેળવી. દરમિયાન શ્રી પટેલે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યાં હતાં. આ પ્રસંગે તેમણે રાજ્યના આદિવાસી બહુલ વિસ્તારોનો સર્વાંગી અને ઝડપી વિકાસ થાય અને આદિવાસી સમુદાયને તમામ પાયાની સુવિધાઓ સુલભ બને તે સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવ્યું.

## NAVRATRI TRIJO DIVAS

નવરાત્રિના ત્રીજા નોરતે આજે માઁ દુર્ગાનાં ત્રીજા સ્વરૂપ માઁ ચંદ્રઘંટાની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં સૌને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, માઁ ચંદ્રઘંટા સાહસ, નિર્ભયતા, વીરતા અને શાંતિનું પ્રતીક છે. માઁ ભગવતી સૌના જીવનમાંથી તમામ ભય અને નકારાત્મકતાને દૂર કરી, જીવનમાં પરમ શાંતિ, સદભાવ અને કોઈ પણ કઠિન પડકારોનો હિંમતભેર સામનો કરવાની અખૂટ શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

## DHORDO RANN UTSAV

કચ્છમાં ધોરડો ખાતે આગામી પહેલી નવેમ્બરથી રણોત્સવનો પ્રારંભ થશે. ચાર મહિના સુધી યોજાનારા રણોત્સવમાં પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાને રાખી આ વખતે એક હજારથી વધુ તંબુ બનાવાશે. રણોત્સવને લઈને ટેન્ટ સિટી તૈયાર કરનારી એજન્સીઓ, પ્રવાસન વિભાગ અને સ્થાનિક ધોરડો ગ્રામ પંચાયત દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી.
ઉપરાંત નાના-મટા ખાનગી રિસોર્ટ પણ આકાર લઈ રહ્યા છે. રણોત્સવ દરમિયાન પાણીની અછત ન સર્જાય તે માટે પાણી પૂરવઠા બોર્ડને અત્યારથી જ પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના અપાઈ છે. તો, રણોત્સવમાં પ્રવાસીઓની સુવિધા માટે ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર સાથે સંકલન કરાશે.